# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૯ • તા.૦૫ થી ૧૧ ઓગસ્ટ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી પ્રબોધ મુનવરને ચેન્જમેકર ઓફ ઈન્ડિયા એવોર્ડ એનાયત

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# નિજાનંદી જીવન

જગતમાં બધુંય આપણી ઈચ્છા મુજબ આપણે કલ્પેલું કંઈ નથી થતું. તેથી જે કંઈ ઘટે છે, થાય છે તેમાં માણસે સંતોષ ને સમતા ભાવ રાખવો જોઈએ. સારો સમય હોય ત્યારે અભિમાન કે ગુમાન કરવાનો કોઈ કારણ નથી. જીત મળે ત્યારે ગર્વ અને હાર મળે તો હતાશ થવાની કોઈ જરૂર નથી. સફળતા મળે ત્યારે આ બધું મારા લીધે શક્ય બન્યું. હું ન હોત તો કશું થાત નહીં એવું માનવું અજ્ઞાની સમજ છે. આપણી પાછળ પણ અદ્રશ્ય શક્તિઓ હોય છે. તેમાં પ્રભુની કૃપા, રહેમ ન હોત તો?

માણસ ભય અને ડરથી ગ્રસ્ત રહે છે. મનના છાને ખૂણે કોઈને કોઈ ડર ડોકિયાં કરી ભયભીત કરે છે. છાને છપને કરેલું પાપ છાપરે ચડીને પોકારે છે તેમ કોઈનું જાણી બૂઝીને કરેલું સહિત મનને ઘેરી લે છે. આ ડર બહાર દેખાતો નથી પણ ભીતરમાં ઘરબાયેલો રહી મનને હલબલાવે છે. કંઈક અજુગતું બન્યું કે મનમાં રહેલો છૂપો ભય પોત પ્રકાશે છે. ડર કે ભય, અઘટિત કલ્પના ભીતરમાં વસતી આશંકા મનને સ્થિર નથી રહેવા દેતી. કોઈને જીવન નિર્વાહનો, કોઈને માન હાનિનો, સ્વજન વિયોગનો, કે ધન સંપત્તિમાં નુકસાનાનો અથવા ભવિષ્યની સંભવિત આપદાનો ડર સતત સતાવ્યા કરે છે. આ બધી કાલ્પનિક લહેરો જીવને ઘડીભર જંપતા દેતી નથી. આથી મનમાં આશંક્તિ તરંગો રહ્યાં કરે છે. જેનું શમન કરવા વ્યક્તિ ધર્મનો આશરો લે છે. ડરનો કારણે ધર્મનું શરણ લઈ હાશ અનુભવે છે.

કલ્પિત ભયને દૂર કરવા જીવન પ્રત્યે સાચા અભિગમની અને સમજણની જરૂર રહે છે. કેવલ દ્રષ્ટિ બદલીએ તો રાગ દ્વેષ, લાલસા, તૃષ્ણા માનની કામના રહે નહીં. આસક્તિ ઓછી થઈ જાય તો ધીરે ધીરે ભયના વમળ શમી જાય છે. જે પછી શાંત થઈ જાય એટલે મારું શું થશે એ ભય રહેશે નહીં. જ્ઞાનીઓ કહે છે ભયને દૂર કરો અને નિડર બનો. ધર્મ અને સત્યને માર્ગે જવાનો આ સરળ રાહ છે. જીવનમાં બધું આપણને અનુકૂળ થાય એવું બનવાનું નથી. માટે અણગમતી કે અઘટિત ઘટનાઓમાંથી કાંઈક ગમતો અર્થ શોધી કાઢવો જોઈએ. ગમે તેવા સંજોગો હોય મનની પ્રસન્નતા જળવાઈ રહેવી જોઈએ. જીવનમાં નવા વળાંકો આવતાં રહે છે, આવતા રહેવાના આપણે ખૂલ્લી દ્રષ્ટિ રાખી સંભવિત જોખમોને ટાળતાં રહી સજાગ રહીએ. તો ય ઘણું બધું એકધારું સારું ચાલતું નથી. સપાટ, સરળ અને શાંત કંઈ એક સમાન રહેવાનું નથી. આજે જે ખરાબ પરિસ્થિતિ છે તે બદલી જવાની છે અને આજે સારી હાલત છે એ વિપરીત થવાની છે એની જાગૃતિ, સજાગતા આપણે રાખવી જોઈએ. માનવજીવમાં પરમત્વમાં શ્રધ્ધા રાખવાની ભાવના છે એટલે જ અન્ય જીવોથી તે અલગ છે, વેગળો છે. સજાગ, સચેત અને હોંશિયાર છે. હરપલ નિજાનંદમાં રહેતા માનવને ન ભૂતકાળની યાદ, ન વર્તમાનની ચિંતા કે ભવિષ્યકાળની કલ્પના કરવી ગમતી નથી.

- જય જ્ઞાતિમૈયા

# જવાબદારી લેવી અને નિભાવવી જોઈએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માણસ સામાજિક પ્રાણી છે. ઈશ્વરે માનવીને મગજ આપ્યું છે. જે અન્ય પ્રાણી કરતાં તેને અલગ પાડે છે. વિશિષ્ટ દરજ્જો પ્રદાન કરે છે. મગજને લીધે માનવી સારા અને ખરાબ બંન્ને નિર્ણય લેવાની શક્તિ, ક્ષમતા ધરાવે છે અને તે શક્તિના આધારે નવા ગુણોનું સર્જન તેમજ પોષણ થાય છે. પ્રેમ, લાગણી, દયા, કરૂણા આવા બધા ગુણ માનવીમાં જોવા મળે છે. પ્રાણીઓમાં પણ એ ભાવ હોય છે પણ એ તેની આંખો, વર્તન અને શારીરિક હાવભાવ દ્વારા વ્યક્ત કરે છે. જ્યારે માનવી બોલી ને કે વર્તણુંક કરી એ દર્શાવે છે. માનવીને મળેલ આ મહત્વનો ગુણ છે. જવાબદારીનો જે નાનાથી લઈ મોટા સુધી તમામ વ્યક્તિ પોતાની સમજ, જ્ઞાન અને શક્તિ અનુસાર નિભાવવાની હોય છે. જેમ કે બાળક નાનું હોય ત્યારે અભ્યાસની જવાબદારી, યુવાન થાય એટલે ઘર સંસાર વસાવવાની, કમાવવાની જવાબદારી અને વૃધ્ધ થાય તો પરિવાર સુખી અને સપીલું થઈને રહે એની જવાબદારી. આ વાત આપણે આપણા અંગત જીવનને લઈને કરી. તો વિચાર એ આવે કે શું માત્ર આટલી જ જવાબદારી છે આપણા સમગ્ર જીવનની? તેનો જવાબ સ્પષ્ટ છે ના.

આપણે માત્ર આપણા પૂરતું ન રહી આપણા દેશ, જ્ઞાતિ, સમાજ કે વિશ્વમાં કઈ રીતે શાંતિ રહે. એખલાસ ભર્યું માહોલ રહે તેમજ આપણો સમાજ કઈ રીતે વેગ ગતિથી આગળ વધે તે જોવાની જવાબદારી પ્રત્યેક નાગરિકની છે. જો એ સમજે અને સ્વીકારે તો. સમાજને ઉપયોગી થાય એવા કાર્યમાં જો આપણે થોડું નહીં તો યત્કિંચિત યોગદાન પ્રદાન કરીશું તો જીવનમાં કંઈ સારું કાર્ય કર્યુ ગણાશે. જેની શરૂઆત પોતાની શક્તિ અને સમજણ અનુસાર કરી શકે છે.

આપણી આસપાસ કોઈ ગરીબ બાળક જે શાળામાં અભ્યાસ કરતું નથી. એવા બાળકોને એકત્ર કરી તેને અભ્યાસ ઉપયોગી માહિતી આપી તેના લાભની જાણકારી આપીએ. અભ્યાસને લગતું પ્રાથમિક શિક્ષણ આપી આપણે જવાબદારી નિભાવીએ. આજનું બાળક આવતી કાલનું નાગરિક છે. જો બાળક ભણેલું હશે તો તેની વિચારવાની ક્ષમતા અને શક્તિ અલગ હશે. આમ એક પછી એક અનેક બાળકો શિક્ષિત થશે તો ઉત્તમ સમાજની રચના થશે.

એ સિવાય સ્વચ્છતા વિષે કામ કરી શકાય. આજુબાજુ ગંદકી થતી હોય છે. ઉકરડો એકની કુટેવથી શરૂ થાય છે પછી અનેક લોકોની કુટેવ, બેજવાબદારીથી એ ગંજ ગંદો ઢગલો બની જાય છે. એ પ્રત્યે સજાગ થઈ કાર્ય કરવાથી ઠેર ઠેર ગંદગી નાબૂદ કરી શકાય છે. નિ:સ્વાર્થ ભાવથી સમાજ ઉપયોગી કાર્ય કરનાર વ્યક્તિને સમાજ ગમે તે રીતે શોધીને પ્રોત્સાહન પુરૂ પાડે છે. આવા પ્રકારની લોક કલ્યાણની, સમાજહિતની જવાબદારી ઉચ્ચારવી સહેલી છે પણ, તેને નિષ્ઠાથી નિભાવવી અઘરી છે. પછી એ કોઈ વ્યક્તિની, પરિવારની કે પછી જ્ઞાતિ સમાજની હોય. પ્રત્યેક જાગૃત નાગરિકમાં જવાબદારી હોય મહત્વનો ગુણ છે એ પ્રત્યે વ્યક્તિમાં હોવું જરૂરી છે. જવાબદારી માત્ર બોલવાથી નહીં પણ નિભાવીને પૂરી કરવી જોઈએ. જવાબદારી લેવી સહેલી છે પરતું નિભાવવી એટલી જ મુશ્કેલ છે. જો જવાબદારી સ્વીકારો તો મનથી નિભાવવી જોઈએ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# માનવ જ્યોત ભુજના પ્રબોધ મુનવરને ચેન્જમેકર ઓફ ઈન્ડિયા એવોર્ડ એનાયત



ગ્રીન પ્રેન્યોર દ્વારા માનવ જ્યોત સંસ્થા ભુજના પ્રબોધ હિરાચંદ મુનવર કોઠારા ભુજને ચેન્જ મેકર એવોર્ડ ઓફ ઈન્ડિયા એવોર્ડ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન હોલ મધ્યે યોજાયેલ એવોર્ડ વિતરણ કાર્યક્રમ સમારોહમાં એનાયત કરાયો. માનવ જ્યોત બેનર હેઠળ પ્રબોધ મુનવરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ ગુજરાત રાજ્ય સરકારના રાજ્ય કક્ષાના સહકાર અને નમક ઉદ્યોગના મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે શ્રેષ્ઠ કામગીરી બદલ આ એવોર્ડ એનાયત કરાયો. આ પ્રસંગે વ્યાપાર જગતના પ્રવીણભાઈ પરમાર, ડૉ.ક્રિષ્ના આર્ય, કચ્છના હસ્તકલાકારી ગરીમા નિષ્ણાત પબીબેન રબારી તથા હુન્નર શાળાના મહાવીર આચાર્ય સહિતના આગેવાનો આ એવોર્ડ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રબોધ મુનવર સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટી અને મીડિયા કમિટીના મેમ્બર છે તેમને હાર્દિક અભિનંદન.

---

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રદ્ધાંજલિ



જન્મ
૧૭-૦૯-૧૯૬૬

અરિહંત શરણ
30-૭-૨૦૨૩

# સ્વ.રાહુલ પૂનમચંદ મૈશેરી

સ્નેહના સાગર સમું, હૃદય હતું જેનું વિશાળ, મન શાંત, સરલ, મુખ પર સ્મિત તણો શણગાર.
સ્નેહી, સ્વજન, સંગી, સાથી જોડે મધ મીઠો વ્યવહાર, નાના મોટા સહુને આપ્યો, આત્મીય આદરને આવકાર.
અમ હૈયે આપની સ્મૃતિઓ રહેશે સદાકાળ.

**:: શોકાતુર ::**

મયૂર મણિકાંત ધુલ્લા (પ્રેસિડન્ટ)
યશોધન રાયચંદ કારાણી (વાઈસ પ્રેસિડન્ટ)

જીગ્નેશ કુંવરજી મોતા (સેક્રેટરી)
ભૌમિક પંકજ લોડાયા (કમિટી મેમ્બર)
મહેશ હંસરાજ દંડ (કમિટી મેમ્બર)
પ્રેમ ગુલાબચંદ ચુરલા (કમિટી મેમ્બર)

રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા (જોઈન્ટ સેક્રેટરી)
સંદીપ નવીનચંદ્ર લોડાયા (કમિટી મેમ્બર)
કલ્પેશ ખીમજી લોડાયા (કમિટી મેમ્બર)
તેજસ બકિમચંદ લાલકા (કમિટી મેમ્બર)

રોપીન જયચંદ નાગડા (ટ્રેઝરર)
ડાયમંડ અશોક દંડ (કો.ઓપ્ટ)
અનિક નરેન્દ્ર ધરમશી (કો.ઓપ્ટ)
નિશાંત સંજય નાગડા (કો.ઓપ્ટ)

વિરાજ મયુર ધુલ્લા (પ્રેસિડન્ટ)
લતા ભાગચંદ કારાણી (વાઈસ પ્રેસિડન્ટ)

કાશ્મીરા પ્રેમ ચુરલા (સેક્રેટરી)
નુતન રાજેન્દ્ર ધુલ્લા (કમિટી મેમ્બર)
નીતલ હિનેશ લોડાયા (કમિટી મેમ્બર)
દિપા હિરેન નાગડા (કમિટી મેમ્બર)

સેજલ જીંતન દંડ (જોઈન્ટ સેક્રેટરી)
ભારતી ડોલર લોડાયા (કમિટી મેમ્બર)
હેતલ મયુર લોડાયા (કમિટી મેમ્બર)
રીના લાજેશ લોડાયા (કમિટી મેમ્બર)

રાની રોપીન નાગડા (ટ્રેઝરર)
પારુલ યોગેશ ધુલ્લા (કમિટી મેમ્બર)
રિંકીતા અંકિત મૈશેરી (કમિટી મેમ્બર)
છાયા મહેશ દંડ (કમિટી મેમ્બર)

**:: શ્રદ્ધાસુમન ::**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ

# પોંડીચેરી અરવિંદ આશ્રમના કલા અને ભાષા ક્ષેત્રના વિદુષી ધનવંતીબેન વિશનજી નાગડાનો દેહવિલય



આધ્યાત્મિક ક્ષેત્રે અપૂર્વ સાધનાને લીધે વિશ્વ વિખ્યાત પોંડીચેરીના મહર્ષિ અરવિંદ અને માતાજીના પરમ અને નિતાંત સાંનિધ્યમાં જેમનું બાળપણ વીત્યું એવા ચિત્રકળા, પેન્ટીંગ, શિલ્પ, સંગીત, સાહિત્ય અને ભાષા અનુવાદના ક્ષેત્રમાં આગવી પ્રતિભા નિખારનારા બા.બ્ર.ધનવંતી વિશનજી નાગડા નલિયા હાલે પોંડીચેરીનું તા.૧ ઓગસ્ટ મંગળવાર રોજે સવારે ૯ કલાકે પોંડીચરી મધે ઉ.વ.૯૦ની વયે નિધન થયું.

૧૯૨૬માં સ્થાપિત અરવિંદો આશ્રમમાં ત્રણ દાયકા સુધી સાધના કરનારા સાધક નલિયાના વિશનજી જેતશી નાગડા અને માતુશ્રી પુરબાઈ નાગડાના તેઓ પુત્રી હતા. બાળપણથી પરિવારના સંસ્કારમાં લિપિત થઈ આધ્યાત્મના રસિયા હતા. બા.બ્ર.ધનવંતીબેન મહર્ષિ અરવિંદના અનુયાયી અને ગુજરાતી સાહિત્યના સાહિત્યકારો અંબુભાઈ પુરાણી, પુજાલાલ અને કવિશ્રી સુંદરમ્ જેવા ગુજરાતી સાહિત્યના ધુરંધર અને તેજપુંજ સાહિત્યકારોની નિશ્રામાં શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાની આગવી કલા સર્જન શક્તિને ખીલવી સાહિત્યના પાઠ ભણ્યા. કલા ગુરૂ કૃષ્ણલાલ, વાસુદેવભાઈ અને જયંતિલાલ પારેખ પાસેથી પેન્ટીંગની તાલીમ લઈ ચિત્રકલાથી પોતાની પ્રતિભાને વિસ્તારી આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી.

વિદેશમાં બ્રાઝિલ અને સાનફ્રાંસિસ્કોમાં ઈન્ડિયા નેપાલ આર્ટ એક્ઝિબિશનમાં એમના ચિત્રો અને પેન્ટિંગ કલા કૃતિઓ પ્રદર્શિત થયેલ. ફ્રેન્ચ સ્કલપટર રોંદો (Rodin)થી આકર્ષાઈ સુશ્રી ધનવંતીબેનએ અનેક શિલ્પનું સર્જન કરેલ.

કવિ સુંદરમની ઉત્કૃષ્ટ કાવ્ય રચનાઓનું અંગ્રેજીમાં અનુવાદ કરી અંગ્રેજી ભાષાનું તેમણે ઊંડું પ્રાવિણ્ય દર્શાવ્યું હતું.

૧૯૫૬માં માત્ર ૨૨ વર્ષની યુવા વયે એમના અંતરમાં વિશિષ્ટ અનુભૂતિ થઈ ત્યારથી સુ.શ્રી ધનવંતીબેનનું શેષ જીવન કળામય અને કળા એજ તેમનું જીવન બની રહ્યું હતું.

૧૯૭૯માં કર્ણાટકના હુબલીમાં આયોજિત ક.દ.ઓ.જ્ઞાતિના દ્વિતીય સંમેલનમાં ૧૫ શિલ્પકલાના પ્રતિભાશાળી કલાકાર તરીકે તેમનું પણ સન્માન કરવામાં આવેલ.

સાહિત્ય અને કલાના દીર્ઘ સાધકના દેહવિલયથી સમસ્ત જ્ઞાતિ શોક અનુભવે છે. પ્રભુ તેમના આત્માને મોક્ષગામી કરી ચિર શાંતિ પ્રદાન કરે એ જ પ્રાર્થના.

## કોઠારા તીર્થે મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવાઈ





અબડાસા પંથકના ઐતિહાસિક કોઠારા તીર્થે પ.પૂ.પ્રવર્તક મુનિરાજશ્રી મલયસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી રત્નાકર સાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શ્રી મહાકાલી માતાની ભક્તિ ભાવના ધર્મભાવ સાથે ભણાવવામાં આવી.

।। સોનથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ।।



# શ્રી સુથરી જૈન સંઘ




**વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,**
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ),
મુંબઇ - 400 080. સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com

**તીર્થ પેઢી:** સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827

શ્રી સોનથરી તીર્થમંડન **શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદા**ના દરબારે, આચાર્ય ભગવંતોના અમી આશિર્વાદે, પ.પૂ.સાધ્વી **શ્રી મહાયશાશ્રીજી મ.સા.** અને પ.પૂ.સાધ્વી **શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**, પ.પૂ.સાધ્વી **શ્રી ૠજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ની ચાતુર્માસ નિશ્રાએ **શ્રી સુથરી જૈન સંઘ** દ્વારા આયોજિત **હિતકારી જ્ઞાન-સંસ્કાર શિબીર** માટે ભાગ લેનાર વ્યક્તિઓએ દીવાળી વેકેશન માદરે વતન કચ્છ-સુથરી તીર્થે જ્ઞાન વૃદ્ધિ માટે પધારો... તેમજ **આસો માસની શાશ્વતી આયંબિલ ઓળી** માટે પધારવા શ્રી સંઘ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**શાશ્વતી ઓળી પ્રારંભ**
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ-૭
શુક્રવાર, તા. ૨૦.૧૦.૨૦૨૩



**શાશ્વતી ઓળી પૂર્ણાહૂતિ**
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ-૧૫
શનિવાર, તા. ૨૮.૧૦.૨૦૨૩

**આસો માસની શાશ્વતી આયંબિલ ઓળીના લાભાર્થી પરિવાર:**

## માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આસારીયા સાયલા પરિવાર

**શિબીર પ્રારંભ**
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ-૧૪
શનિવાર, તા. ૧૧.૧૧.૨૦૨૩

હિતકારી
જ્ઞાન સંસ્કાર
શિબીર

**શિબીર પૂર્ણાહુતિ - બહુમાન**
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ-૬
શનિવાર, તા. ૧૮.૧૧.૨૦૨૩

**સંપૂર્ણ શિબીરના લાભાર્થી પરિવાર**

## શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર

લાભાર્થી પરિવારની
ભૂરી-ભૂરી અનુમોદના !

**શિબીર**માં પ્રવેશ વહેલા તે પહેલાનાં ધોરણે રહેશે. અચલગચ્છ, ક.દ.ઓ. બાળકો-બાલિકાઓની શિબીર રહેશે. **વય મર્યાદા:** ૫ વર્ષથી ૧૫ વર્ષ અને સુથરી ગામની નિયાણીઓ, પુત્ર વધુઓ ઉંમર ૧૬ વર્ષ થી ૫૦ વર્ષ સુધી મર્યાદિત રહેશે. **આસો માસની શાશ્વતી આયંબિલ ઓળી** માટે પધારનાર આરાધકો તેમજ શિબીરમાં પધારનારને **આવવા-જવાની રેલ્વે સ્લીપર ક્લાસની ટિકિટ**ની રકમ સુથરી તીર્થે આપવામાં આવશે. શિબીરમાં દૈનિક ધાર્મિક વિધિઓ સાથે યોગા, રાત્રી ભાવના, ધાર્મિક હાઉઝી, પ્રાથમિક ઉપચાર માર્ગ, ભક્ષ્યાભક્ષ્ય જેવી અનેકવિધ માહિતીઓ આપવામાં આવશે. જ્ઞાન વૃદ્ધિ (શિબીર) માટે નીચે આપેલ ફોર્મ ઇ-મેલ અથવા કાર્યાલયે મોકલાવશોજી તેમજ શાશ્વતી આયંબિલ ઓળી માટે સુથરી તીર્થે ૯૭૨૬૨૧૩૮૨૭ નંબર ઉપર સંપર્ક કરી નામ લખાવશોજી.

**નામ:** ________________________________

**ગામ:** ____________ **જન્મ તારીખ:** ____________ **ઉંમર:** ____________

**સરનામું:** ________________________________

**મોબાઇલ નં. (૧) માતા-પિતા:** ____________ **(૨) શિબીરાર્થી:** ____________

**ધાર્મિક અભ્યાસ:** ________________________________

**સ્કૂલ/કોલેજ અભ્યાસ:** ________________________________

**અગાઉ શિબીરમાં ગયા છો ? હા** ☐ **ના** ☐ **કેટલી વાર ?:** ____________

**ધાર્મિક આરાધનામાં શું-શું કર્યું છે ?** ________________________________

**સેમીનારના બધા નિયમોનું પાલન કરશો ? હા** ☐ **ના** ☐ **કેટલા ભાઇ-બહેન છો ?: ભાઇ** ☐ **બહેન** ☐

**તમારા શોખ:** ________________________________

**માતા-પિતાની સહી** ____________ **શિબીરાર્થીની સહી** ____________

# રમિલાબેન હિંમતલાલ હંસરાજ લોડાયા નારી રત્ન એવોર્ડથી સન્માનિત



૭૩ વર્ષની પાકટ વય છતાં વિવિધ સંસ્થાઓ દ્વારા સમાજસેવામાં ઓતપ્રોત રહેતા માતુશ્રી રમિલાબેન હિંમતલાલ હંસરાજ લોડાયા મોટી ખાવડી, કલવાની સેવા પ્રવૃત્તિઓની નોંધ લઈ તાજેતરમાં કચ્છ અસ્મિતા મંચ થાણા દ્વારા તેમને 'નારી રત્ન એવોર્ડ' આપી પાઘડી પહેરાવી અને સ્મૃતિ ચિન્હ પ્રદાન કરી સન્માનિત કરાયા હતા. ''કરૂણાદાનની જવલંત જ્યોતિ જગમાં નિશદિન જલ્યા કરે, ટમટમતા દિવડાઓને નવી જિંદગી મળ્યા કરે.'' આ કાવ્ય પંક્તિ અનુસાર સમાજક્ષેત્રે બહોળા પ્રમાણમાં કરૂણા અને પરમાર્થની અવિરત ધારા વહાવી રહ્યાં છે. તેઓ શારદા વિદ્યામંદિર થાણા, અણ્ણાસાહેબ આશ્રમશાળા કામણ, મધર ટેરેસા પ્રેમદાન ઐરોલી, બાલગૃહ ભીંવડી, વાત્સલ્ય ટ્રસ્ટ કાંજુરમાર્ગ, વૃધ્ધાશ્રમ ખડવલી, બાલિકાશ્રમ સાનપાડા, વગેરેમાં છેલ્લા ૧૬ વર્ષથી સ્વધનથી કરૂણા સ્તોત્ર વરસાવી રહ્યાં છે. છેલ્લાં સાત વર્ષથી દાતાઓના સહકારથી આ સેવા પ્રવૃત્તિને વેગ મળ્યો છે.


પોતાની ઢળતી અવસ્થા વયે તેઓ ઈતરજનોનું બચપણ તો કોઈકની યુવાની તો કોઈકનું ઘડપણ સંવારી રહ્યાં છે. સંક્રાંતિમાં તિલગુડથી શરૂ કરી તેલ, સાબુ, ચા પાવડર, દિવાળી તહેવારમાં નાસ્તો, ઉનાળા સમય દરમ્યાન શરબત,છાસ, આમરસ, કોલ્ડડ્રીન્કસ આપે છે. જૂના કપડાં, યુનિફોર્મ ધાબળા વિતરણનું આયોજન કરે છે. વિવિધ આશ્રમોમાં તેમની સેવાઓ અનેકોને ઉપયોગી, સહાયરૂપ થઈ રહે છે. આ સન્માન પ્રાપ્તિ બદલ હૃદયપૂર્વક અભિનંદન.

# શ્રી મહાકાલિ માતાની ભક્તિ ભાવના દ્વારા જીવદયાનું સેવાકાર્ય

મૂળ સાંધવના હાલે ડોંબિવલીના ઉમેશ ઉમરશી ખોના અને જય મહાકાલી ગ્રુપ દ્વારા હાલે ડોંબિવલીમાં શંખેશ્વર નગર મધ્યે દર મહિને અચલગચ્છાધિષ્ઠિયિકા શ્રી મહાકાળી માની ભક્તિ ભાવના કરાવી રહ્યાં છે. ભાવના દરમ્યાન આરતી અને ચડતરના રૂપિયા તેઓ શ્રી કોઠારા પાંજરાપોળમાં અર્પણ કરીને જીવદયાનું સુંદર કાર્ય કરી રહ્યાં છે. આજ સુધી તેમણે 30 જેટલી ભાવનાઓ ભણાવેલ છે. સંપૂર્ણ ચડત અને ભેટની રકમ શ્રી કોઠારા પાંજરાપોળને સમર્પિત કરેલ છે.



સ્વ ભક્તિ અને ધર્મ ભાવનાને જીવદયા માટે સમર્પિત કરનાર સેવાભાવી સજ્જનનો ભાવ અન્ય માટે અનુકરણીય છે.

# ગદગ નગરના શ્રી ચિંતામણિ પાર્શ્વધામના ૧૦૯મા સ્થાપના દિન અને ધ્વજા મહોત્સવ પ્રસંગે મહા અન્નપ્રસાદનું ભવ્ય આયોજન થયું







કર્ણાટક રાજ્યના ગદગ નગરના શ્રી ચિંતામણિ પાર્શ્વધામના ૧૦૯મા સ્થાપના દિવસ અને ધ્વજા મહોત્સવ નિમિત્તે શ્રી જૈન સેવા સમિતિના નેજા હેઠળ ગદગ નગરના સર્વે કચ્છી રહેવાસીજનો તરફથી સમસ્ત ગદગવાસીઓ માટે તા.૨૭ જુલાઈ ગુરૂવારના બપોરના ૧૨ થી ૪.૩૦ સુધી પાર્શ્વનાથ રોડ દેરાસરની સામે મહા અન્નપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

મહાપ્રસાદમાં જૈન ભોજન બનાવેલ. મહા અન્નપ્રસાદનો લાભ ૪૫૦૦ લોકોએ લીધો હતો. રાજસ્થાની દેરાસરમાં ચાતુર્માસ માટે પધારેલ પ.પૂ. સાધ્વીજી મ.સા. પણ ગોચરીનો લાભ આપેલ તથા આશીર્વાદ આપેલ. રાજ્ય વિધાન પરિષદના મેમ્બર એસ.વી.સંકનુર, ગદગ શહેર યુવા કોંગ્રેસના નેતા કૃષ્ણગૌડા પાટીલ અને બીજા અન્ય ગણ માન્ય વ્યક્તિઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી જૈન સમાજ, શ્રી ગુજરાતી સમાજ અને જૈન યુવા સંગઠનનો મદદ કરવા બદલ તથા સ્વચ્છતા માટે મ્યુનિસિપાલીટી અને સુરક્ષા સંભાળ માટે ગદગ પોલિસ ડિપાર્ટમેન્ટનો શ્રી જૈન સેવા સમિતિ ગદગએ આભાર માન્યો હતો.

# દિગ્રસ સંઘ મધ્યે શ્રી નેમિનાથ પ્રભુ દીક્ષા કલ્યાણક અવસરે વિશેષ ધર્મ આરાધનાઓ કરાઈ

શ્રી દિગ્રસ અચલગચ્છ જૈન સંઘમાં શ્રી નેમિનાથ પ્રભુ દીક્ષા કલ્યાણક દિન અવસરે સરસ ધર્મ આરાધનાનો સરસ કાર્યક્રમ પ.પૂ.સાધ્વીશ્રી રાજપજ્ઞાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી ભવ્ય પજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની ભવ્યતા ભરી નિશ્રામાં થયો. સંઘના ધર્મ પ્રિય ભાવિક શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતમાં આ આયોજન સંપન્ન થયો.





# શ્રી નાંદેડ નગર સંઘમાં ભક્તામર પૂજન સહ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની સોમવારીય વિશે આરાધનાઓ થઈ





મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા પ્રાંતના ગોદાવરી નદી તટે વસેલા મુખ્ય નગર નાંદેડના શ્રી નાંદેડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં તા.૩૦ જુલાઈ રવિવારે શ્રી ભક્તામર પૂજન કરાયેલ તથા તા.૩૧ જુલાઈ સોમવાર દિને શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની સોમવારીય વિશેષ આરાધના થઈ.

સંઘના શ્રાવક શ્રાવિકોઓ ઉમેટભેર ધર્મ લાભ લેવા ઉપસ્થિત રહ્યાં હતા અને ધન્ય ધન્ય લાભ લીધો હતો.



# અંકલેશ્વર સંઘમાં શ્રી નેમિનાથ પ્રભુનો દીક્ષા કલ્યાણકની વિશેષ ભાવ સાથે ઉજવણી કરાઈ





ગુજરાત રાજ્યના અંકલેશ્વર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં શ્રી નેમિનાથ પ્રભુના દીક્ષા કલ્યાણકની ઉજવણી પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ હતી. સંઘના ઉત્સાહિત શ્રાવક શ્રાવિકાઓ આ આરાધનાઓમાં જોડાઈ વિશેષ ધર્મ લાભ પામ્યા હતા.






# ખામગામ નગરે ઋષિ મંડળ પૂજન ભક્તિ ભાવ સાથે સંપન્ન થયા




તા.૩૦ જુલાઈ રવિવાર દિને મહારાષ્ટ્ર રાજ્યના બુલઢાણા જિલ્લાના ખામગામ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં ઋષિ મંડળના આરાધનાની પૂર્ણાહૂતિ નિમિત્તે સર્વ આરાધકોના તરફથી ઋષિ મંડળ પૂજન અને સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું.

સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધન્ય ધર્મ અવસરનો લાભ લઈ ધન્ય થયાં હતાં.

# ખાનદેશના પારોલા નગર સંઘમાં પ્રાર્થના સૂત્ર અનુષ્ઠાની ધર્મ આરાધનાઓ કરાઈ





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ વિભાગના જલગામ જિલ્લાના પારોલા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પુનિત નિશ્રામાં પ્રાર્થના સૂત્ર અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ થઈ.



# દેવલાલી સંઘમાં વંદનાવલીનું ભક્તિભાવ આયોજન કરાયું





મહારાષ્ટ્ર રાજ્યના ખુશનુમા અને પ્રાકૃતિક હરિયાળા હિલ સ્ટેશન દેવલાલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વ કીર્તિશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી સંયમ પ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન સભર નિશ્રામાં ચારિત્ર વંદનાવલીનું ધર્મ ધન્યમય આયોજન કરાયેલ. સંઘના શ્રાવક શ્રાવિકો ધર્મ આરાધનામાં જોડાઈ ધન્ય લાભ લીધો હતો.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| Loan | Rate |
| --- | --- |
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| PRE OWNED CAR LOAN | *9.49% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| PRE OWNED CV LOAN | *9.99% (p.a.) |
| EDUCATION LOAN | *8.49% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL (CRE) LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MACHINES LOAN | *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
| --- | --- |
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# ભાવભીની શ્રદ્ધાંજલિ




લક્ષ્મીબાઈ લોડાયા
તા.૨૩ જુલાઈ (ઉ.૮૬)
તેરા-મુલુંડ



લીલાવંતીબેન ખોના
તા.૨૫ જુલાઈ (ઉ.૭૯)
ગોરખડી-ઘાટકોપર



ઉષાબેન ધરમશી
તા.૨૫ જુલાઈ (ઉ.૮૦)
જસાપુર-ગોંદિયા



મેઘજીભાઈ મોમાયા
તા.૨૮ જુલાઈ (ઉ.૮૪)
વરાડીયા-અંધેરી



રાહુલભાઈ મૈશેરી
તા.૨૯ જુલાઈ (ઉ.૫૭)
લાલા-મુલુંડ



સુનિલભાઈ ખોના
તા.૨૯ જુલાઈ (ઉ.૪૬)
તેરા-હૈદ્રાબાદ



જ્યોતિબેન વોરા
તા.૨૯ જુલાઈ (ઉ.૭૦)
રંગપુર-જામનગર



શામજીભાઈ છેડા
તા.૩૦ જુલાઈ (ઉ.૮૪)
સુથરી-ગાંધીધામ




ધનવંતીબેન નાગડા
તા.૧ ઓગસ્ટ (ઉ.૮૯)
નલિયા-પોંડિચેરી




નાગરાજ લોડાયા
તા.૩ ઓગસ્ટ (ઉ.૫૫)
સાંધવ-કર્ણાટક





કાંતિલાલ ધરમશી
તા.૫ ઓગસ્ટ (ઉ.૮૪)
રંગપુર-બોરીવલી



ધનલક્ષ્મીબેન દંડ
તા.૬ ઓગસ્ટ (ઉ.૮૪)
સેવક ભરૂડીયા-દહિસર



તારાબેન હેફા
તા.૬ ઓગસ્ટ (ઉ.૮૪)
સુથરી-કાંજુરમાર્ગ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● લખપત નજીક અંતરિયાળ ખટિયા ગામ નજીકના ૧૬ હેક્ટર વિસ્તારમાં સુકી શુલ્ક ભૂમિ નાચે અનેક આશ્ચર્ય દબાયેલા હોવાનું ખૂલ્યું છે. વર્ષ ૨૦૧૮થી પુરાત્વ વિદોની આંતરરાષ્ટ્રીય સ્તરની ટુકડીએ અહીં ૫૦૦ દફન સ્થાન પર સંશોધન કર્યું અને તેમાંથી ૧૯૭નું ઉત્પન્ન કરતાં અનેક રહસ્ય બહાર આવ્યાં છે. આ શોધ કાર્યમાં છીપલોની બંગડી, માટીનો વાસણો, પથ્થરની બનાવટો અને માનવ હાડપિંજરના અવશેષો મળ્યાનો હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે.

● પુશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા આધુનિકમાં કદમ મિલાવીને સ્માર્ટ ફોનની જેમ સ્માર્ટ વીજ મીટર લગાડવાની દિશામાં તૈયારીઓ મોટે ભાગે પૂર્ણ કરી દીધી છે. પહેલા તાલુકામાં શહેરી વિસ્તારમાં પ્રીપેઈડ અને પોસ્ટ પેઈડ સ્માર્ટ વીજ લગાડવાની યોજનાનો કચ્છમાં પ્રારંભ થયો છે. ભુજ અને અંજાર બંન્ને સર્કલ હેઠળના વીજ માળખા પાછળ રૂા.૫૨૦ કરોડના ખર્ચે બદલાવ કરાઈ રહ્યો છે. કેન્દ્ર સરકારની નવી યોજના હેઠળ ૩૬૦૦ કિમીના વીજ વાયરો કોટિંગ કરેલા લગાડવામાં આવશે.

● પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર ખાતે રૂા.૧.૧૭ કરોડના ખર્ચે નિર્માણ પામનારા અત્યાધુનિક બસ સ્ટેશનનું ખાત મુહૂર્ત જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારા, ધારાસભ્યો પ્રદ્યુમનસિંહ જાડેજા, અનિરૂધ્ધ દવે અને કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરાયું. ખાત મુહૂર્ત વિધિ તીર્થ ગોર, અજિતભાઈ જોષીએ કરાવી હતી. સંચાલન દીપક રેલોન અને આભારવિધિ હઠુભા સોઢાએ કરી હતી. નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષા સોનલ લાલજી મહારાજ કોટેશ્વર મંદિરના મહંત દિનેશ ગિરિજી મહારાજ વગેરેએ તીર્થધામના વિકાસ અને ગરિમા પ્રત્યે જાગૃત રહી આગળ વધવા આશીર્વચન આપ્યાં હતાં.

● હાલ રેલવે દ્વારા નલિયા ગેજ રૂપાંતરનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. પૈસાના અભાવે અટકેલી આ મહત્વપૂર્ણ યોજના રેલવે દ્વારા આગળ ધપાવાઈ રહી છે. નલિયા સુધી પ્રવાસી ટ્રેન દોડાવવાના પ્રકલ્પ અંતર્ગત ટ્રેનોની જાળવણી માટે નલિયા કેન્ટ ખાતે પિટલાઈન બનાવવા આયોજન હતું. જો નલિયા કેન્ટ ખાતે બે પિટલાઈન બનાવવામાં આવે તો સ્ટાફ સહિત તેનો ખર્ચવળ જાય તેમ હોઈ નલિયા કેન્ટને બદલે ભુજમાં બે નવી પિટલાઈન બનાવવા નિર્ણય લેવાયો છે. એક ટ્રેનના રખરખાવ માટે ૨ કલાકનો સમય લાગતો હોય છે. ત્યારે ભુજમાં બે પિટલાઈન બની ગયા બાદ વધુ ટ્રેન ભુજ સુધી લાવી શકાશે.

● હાલ ભુજ તરફથી ગાંધીધામ આવતી જતી ટ્રેનોના એન્જિન બદલવા પડતા હોવાના કારણે ૨૦ થી ૨૫ મિનિટનો સમય વ્યય થાય છે. રેલવે દ્વારા ગાંધીધામ પહેલાં આવતા ગોપાલપુરી રેલવે સ્ટેશનને વિકસાવવાની દિશામાં કાર્યવાહી આદરી છે. ગોપાલપુરીને હોલ્ટ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે. ગોપાલપુરી રેલવે સ્ટેશન બની ગયા બાદ ગાંધીધામ બાયપાસ લાઈનથી ટ્રેન બારોબાર નીકળી જશે. ગોપાલપુરી અને આદિપુરમાં વાય જંક્શન માટે ૧૦૦ કરોડની રકમની ફાળવણી કરાઈ છે. હાલે ગોપાલપુરી રેલવે સ્ટેશનને વિકસાવવાની દિશામાં જે રીતે તડીમાર પ્રયાસ ચાલી રહ્યાં છે તે જોતાં આગામી એક વર્ષમાં ભુજથી આવતી તમામ ટ્રેનો ગાંધીધામ બાયપાસ થઈને દોડાવાશે. દૈનિક સાપ્તાહિક ટ્રેનોનું ભારણ ઘટી જતાં ગાંધીધામ રેલવે સ્ટેશનને ગુડઝ ટ્રેનોનું પરિવહન વધારવાની તક મળશે.

● ખાવડાના દામાભાઈ મંગુ દ્વારા તૈયાર કરાયેલી કૃતિ 'ધ લાસ્ટ ફિશ'ને સંયુક્ત રાષ્ટ્રસંઘના કન્વેન્શન ઓનબાયોલોજિકલ ડાઈવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા એક્શન એજન્ડામાં સામેલ કરી કચ્છી માડુની નોંધ લીધી છે. સમગ્ર વિશ્વ જ્યારે પર્યાવરણના પ્રશ્નોની ચિંતા સેવતો હોય ત્યારે વિશ્વના સમુદ્રમાં મોટા પાયે થતી ઔદ્યોગિક માછીમારી, પ્રદુષિત નદીઓ અને ઔદ્યોગિક કચરાઓનું દરિયામાં થતું વહન વગેરેને લીધે દરિયાઈ જીવ સૃષ્ટિ અને નાના નાના માછીમારોના જીવન ઉપર થતી ગંભીર અસરો આ ધ લાઈટ ફિશ કૃતિમાં વર્ણવામાં આવી છે.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA